ગાંધીનગર તાલુકા અને શહેરી પ્રાથમિક શિક્ષક શરાફી સહકારી મંડળી લી.
પ્લોટ નંબર ૧૬૨/૧, આનંદ વાટિકા , સેક્ટર ૨૨ , ગાંધીનગર. મો. ૯૪૦૮૨ ૪૫૬૦૦

# જાહેરનામું

1 JUN 2026

## મંત્રી / સહમંત્રી

<u>જાહેરનામું પ્રસિધ્ધ તારીખઃ- ૦૧/૦૬/૨૦૨૬</u>

સભાસદ ભાઈઓ / બહેનો

જય ભારત સાથે જણાવવાનું કે ગાંધીનગર તાલુકા અને શહેરી પ્રાથમિક શિક્ષક શરાફી સહકારી મંડળી લિ. ના સને ૨૦૨૬-૨૭ ના વર્ષનો નીચે મુજબ કાર્યક્રમ જાહેર કરવામાં આવે છે. નિયુક્ત મંત્રીશ્રી તેમજ સહમંત્રીશ્રી એ આગામી સને ૨૦૨૬-૨૭ ના વર્ષે ની સાધારણ સભા સુધી ચાર્જ સંભાળવાનો રહેશે.

### મંત્રી / સહમંત્રી પદ માટેના ઉમેદવારીના નિયમો

- સને ૨૦૨૬-૨૭ માટે વલાદ વિભાગ (વલાદ, વિરાતલાવાડી, ડભોડા) માંથી મંત્રીશ્રીની નિમણુક થશે.
- સને ૨૦૨૬-૨૭ માટે કોબા  વિભાગ ( કોબા, અંબાપુર, કોલવડા, પેથાપુર) માંથી સહમંત્રીશ્રીની નિમણુક થશે.
- નિયુક્ત થયેલ મંત્રીશ્રીએ પોતાનું બાકી કરજ ૧૬-૦૭-૨૦૨૬ સુધીમાં ભરી દેવાનું રહેશે, તેમજ હોદ્દા દરમ્યાન કરજ લઇ શકશે નહિ,
- એક કરતા વધુ અરજી આવશે તો તેની નિમણુક કારોબારી નિયમો મુજબ લોકશાહી પ્રણાલિકા પ્રમાણે કારોબારી સભ્ય દ્વારા બહુમતીથી કરવામાં આવશે.
- ઉપરોક્ત બંને હોદ્દા માટે લેખિત અરજી તા. ૦૧-૦૬-૨૦૨૬ થી ૧૫-૦૬-૨૦૨૬ સુધીમાં બપોર ૩.૦૦ વાગ્યા સુધીમાં ફી સાથે રૂબરૂ આપવાની રહેશે, નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજી માન્ય ગણાશે નહિ.
- સાધારણ સભાના ઠરાવ મુજબ બંને હોદ્દા માટે જાહેરનામાંની તારીખે 5 વર્ષ પુરા થઇ ગયા હોવા જોઈએ તથા નિવૃત્તિ માં ઓછામાં ઓછા 2 વર્ષ બાકી હોવા જોઈએ.
- નિયમો મુજબ અરજીની સાથે મંત્રીશ્રીની ઉમેદવારી માટે ૧૦૦૦/- તેમજ સહમંત્રી માટે ૫૦૦/- ફી ભરવાની રહેશે, ફી કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહિ.
- જાહેરનામાંની તારીખે જે શાળામાં ફરજ બજાવતા હશે એ જ શાળાને ધ્યાને લઇ અરજી કરવાની રહેશે.
- નિયમો મુજબ મંડળી મંત્રીશ્રીના જામીન લેશે. તથા આગામી જનરલ સભામાં થનાર નિયમોનું પાલન કરવાનું રહેશે.

પંકજકુમાર ગિરીશભાઈ રાઠોડ
ઉપપ્રમુખશ્રી
કાર્યવાહક મંડળ વતી, ગાંધીનગર તા.અને શ. પ્રા. શિ.શ.સ.મં.લિ.

ગાંધીનગર તાલુકા અને શહેરી પ્રા.શિ.શ.સ.મં.લિ. રજી. નં. સે-૧૦૭૭ ૩-૩-૧૯૬૭ ★ ગાંધીનગર ★